મહીસાગર જિલ્લા સેવા સદન અને જિલ્લા પંચાયતના કર્મચારીઓની મનમાનીથી જનતા પાયમાલ

# મહીસાગર જિલ્લાના વહીવટી તંત્રમાં 'લેટ લતીફો'નો રાફડો : અરજદારોને ધરમધક્કા

**અંતરિયાળ** ગામડાઓથી ભાડાના પૈસા ખર્ચીને આવતા અરજદારોને ખાવી પડે છે ઠોકર

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૦
મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવેલી કલેક્ટર કચેરી (સેવા સદન) અને જિલ્લા પંચાયત કચેરી હાલમાં વહીવટી શિથિલતાનો શિકાર બની હોય તેવું લાગી રહ્યું છે. આ કચેરીઓના કેટલાક કર્મચારીઓની અનિયમિતતા અને અરજદારો પ્રત્યેના ઉદ્ધત વર્તનને કારણે સામાન્ય જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકશાહીમાં સરકારી તંત્ર જનતાની સુખાકારી માટે હોય છે, પરંતુ અહીં વહીવટી સમયપાલનના અભાવે સરકારી યોજનાઓના અમલીકરણ સામે પણ સવાલો ઉભા થયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કચેરીના સત્તાવાર સમય દરમિયાન પણ અનેક કર્મચારીઓ પોતાની શાખામાં હાજર હોતા નથી, જેના કારણે સરકારી કામકાજ ખોરવાય છે. ચોંકાવનારી બાબત તો એ છે કે કેટલીક કચેરીઓમાં ખુદ અધિકારીઓ જ અવારનવાર ગેરહાજર રહેતા હોય છે, જેના લીધે કર્મચારીઓ સામે ફરિયાદ કોને કરવી તે પ્રશ્ન અરજદારોને મૂંઝવી રહ્યો છે.

ખાસ કરીને અંતરિયાળ ગામડાઓમાંથી ગરીબ અને મધ્યમ વર્ગના અરજદારો ભાડાના પૈસા ખર્ચીને આશા સાથે આવે છે, પરંતુ કર્મચારીઓની ગેરહાજરીને કારણે તેમને નિરાશ થઈને પરત ફરવું પડે છે. આ 'લેટ લતીફો'ને કારણે માત્ર જનતા જ નહીં, પરંતુ કચેરીના અન્ય નિયમિત અને શિસ્તબદ્ધ કર્મચારીઓમાં પણ છુપો રોષ જોવા મળી રહ્યો છે. અરજદારોનો આક્ષેપ છે કે કર્મચારીઓ વારંવાર ધક્કા ખવડાવે છે અને પૂછપરછ કરવામાં આવે ત્યારે અવિવેકી વર્તન કરે છે.

### જનતાની મુખ્ય માંગણીઓ

નવનિયુક્ત જિલ્લા પંચાયત પ્રમુખ, કલેક્ટર અને DDO દ્વારા કચેરીઓની તાત્કાલિક 'સરપ્રાઈઝ વિઝીટ' કરવામાં આવે. બેદરકાર અને લેટ-લતીફ કર્મચારીઓ સામે શિક્ષાત્મક અને દંડાત્મક પગલાં લેવાય. તમામ શાખાઓમાં બાયોમેટ્રિક હાજરી ફરજિયાત બનાવવામાં આવે.

### ટેકનોલોજીનો ઉપયોગ કરવા સૂચન

જેમ શાળાઓમાં બાળકોની ઓનલાઇન હાજરી પૂરાય છે, તેમ સરકારી કચેરીઓમાં પણ અધિકારીઓ અને કર્મચારીઓ માટે બાયોમેટ્રિક સિસ્ટમ અમલી બને તે જરૂરી છે. એટલું જ નહીં, મુખ્ય કચેરીને રોજેરોજ લોકેશન સાથે ફોટો શેર કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે તો જ અનિયમિતતા પર અંકુશ લાવી શકાશે તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર જાળીવાળી ચેનલો સાફ કરાઈ

# કપડવંજ નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીનો ધમધમાટ

**આગામી દિવસોમાં** અન્ય વિસ્તારોમાં પણ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૦
કપડવંજમાં ચોમાસાની ઋતુ પૂર્વે શહેરમાં પાણીના ભરાવાની સમસ્યા ન સર્જાય તે માટે નગરપાલિકા સત્તાવાળાઓ દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આ આયોજન હેઠળ શહેરના મુખ્ય વિસ્તારોમાં આવેલી વરસાદી પાણીના નિકાલની લાઈનો અને જાળીવાળી ચેનલોની સફાઈ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.



કપડવંજમાં અત્યાર સુધીમાં એમપી હાઈસ્કૂલ આગળની વરસાદી લાઈન, ડાકોર રોડ પર કોલેજ સ્ટેન્ડથી જીઈબી સુધીની સ્ટોમા પાઈપલાઈન, અને નાની રત્નાકર માતા રોડ પર લાયન્સ ક્લબથી ઉમિયા માતાજી મંદિર સુધીની લાઈનોની સફાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત અંતીસર દરવાજા પાસેની લાઈનોમાં પણ સફાઈ કામગીરી પૂર્ણ કરાઈ છે.

હવે આગામી દિવસોમાં સુથારવાડાના ચકલે, પટેલવાડાના નાકે અને કાછીયાવાડના નાકે આવેલી વરસાદી પાણીના નિકાલની મોટી જાળીવાળી ચેનલો સાફ કરવામાં આવશે. આ અંગે નગરપાલિકાના ઈજનેર વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું હતું કે, હાલ શહેરમાં પ્રિ-મોન્સૂન કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે અને આગામી દિવસોમાં બાકી રહેલા તમામ કામો વહેલી તકે પૂરા કરવામાં આવશે.

# મહીસાગર નદીમાં ન્હાવા પડેલા બે યુવકોના મોત

**અમદાવાદથી** લુણાવાડા મરણ પ્રસંગે આવેલા બે યુવાનો ઊંડા પાણીમાં ગરકાવ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.10
મહીસાગરના દેગમડા પાસે પસાર થતી મહીસાગર નદીના વેગવંતા પ્રવાહમાં લીંબોદ્રા પાસે ન્હાવા પડેલા બે યુવકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ જવાની ઘટના બની હતી. આ હૃદયદ્રાવક દુર્ઘટનાને પગલે સ્થાનિક વહીવટી તંત્રની નિષ્ક્રિયતા અને માત્ર કાગળ પર ચાલતા જાહેરનામા સામે સ્થાનિકોમાં ગંભીર સવાલો ઊભા થયા છે.

આ અંગે મળતી માહિતી મુજબ, સોમવારે બપોરે કલેક્ટરના સખત પ્રતિબંધાત્મક આદેશો હોવા છતાં, આઝલખાન ઈસ્તીયાઝખાન પઠાણ અને આશિફ યુસુફ નામના બે યુવકો લીંબોદ્રા પાસે નદીમાં ન્હાવા પડ્યા હતા. આ બંને યુવાનો મૂળ અમદાવાદના હતા અને લુણાવાડા ખાતે એક મરણ પ્રસંગમાં હાજરી આપવા આવ્યા હતા. નદીના પાણીનો પ્રવાહ તેજ હોવાથી બંને યુવકો જોતજોતામાં ઊંડા પાણીમાં તણાઈ ગયા હતા.

આ ઘટનાની જાણ થતા જ લુણાવાડા નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક તરવૈયાઓએ શોધખોળ શરૂ કરી હતી. ભારે જહેમત બાદ સોમવારે મોડી સાંજે દોઢ કિલોમીટર દૂર ભમરા પાસેથી એક યુવાનનો મૃતદેહ મળ્યો હતો, જ્યારે બીજા યુવાનનો મૃતદેહ લીંબોદ્રા અને ભમરાની વચ્ચેથી મળી આવ્યો હતો. બંને મૃતદેહોને પીએમ માટે સરકારી હોસ્પિટલ ખસેડાયા છે.

યાત્રાધામ ડાકોરમાં 'ખાખી' શરમાઈ | ઠાસરાના હરખોલમાંથી ૧.૮૦ લાખનો વિદેશી દારૂ પકડાયો

# ડાકોર પોલીસમાં 'વહીવટદારો'ના ખેલથી કામગીરી શંકાના દાયરામાં

**સ્થાનિક** પોલીસની રહેમનજર હેઠળ ધમધમતા દારૂના અડ્ડા પર LCBનો દરોડો

(પ્રતિનિધિ) ડાકોર તા.૧૦
સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર અને તેની આસપાસના વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ લાગી રહ્યું છે. ડાકોર પોલીસ સ્ટેશનની હદમાં આવતા હરખોલ ગામમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે અચાનક ત્રાટકીને લાખોનો દારૂ ઝડપી પાડતા સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા અને સંડોવણી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. એક તરફ સ્ટેટ મોનિટરિંગ સેલ અને લોકલ ક્રાઈમ બ્રાંચ દરોડા પાડી રહી છે, ત્યારે બીજી તરફ સ્થાનિક પોલીસ 'શાંતિની ઊંઘ' માણતી હોય અથવા હપ્તાખોરીમાં વ્યસ્ત હોય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ડાકોર પોલીસ સ્ટેશનની કામગીરી પર શંકાના વાદળો ઘેરાયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક કર્મચારીઓ છેલ્લા ૫થી ૧૦ વર્ષથી અડ્ડો જમાવીને બેઠા છે. આશ્ચર્યની વાત તો એ છે કે, જો તેમની બદલી કરવામાં આવે તો પણ રાજકીય કાવાદાવા કરીને તેઓ ટૂંક સમયમાં પરત ડાકોર આવી જાય છે. આ 'ટ્રાન્સફર ગેમ' પાછળ કયું મોટું રહસ્ય છુપાયેલું છે ? તે તપાસનો વિષય છે.

### મહિનામાં બે મોટા દરોડા: પોલીસની પોલ ખુલી

ગત મહિને જ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા સીમળજ ગામમાં રેડ કરીને લાખોનો દારૂ અને મહેશ નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. મહિનામાં બીજી વખત થયેલી આ મોટી રેડ સાબિત કરે છે કે ડાકોર પોલીસની હદમાં જુગાર, આંકડા અને દારૂના સ્ટેન્ડ બેરોકટોક ચાલી રહ્યા છે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા જો તટસ્થ તપાસ કરવામાં આવે તો ડાકોર પોલીસના અનેક 'વહીવટદારો'ના પગ નીચેથી જમીન સરકી શકે તેમ છે. બહારની એજન્સીની સતત કામગીરી સામે સ્થાનિક પોલીસની ચુપ્પી મોટા ભ્રષ્ટાચાર તરફ આંગળી ચીંધે છે.

### રાજકીય પીઠબળ ધરાવતો 'ખેલાડી' હજુ પણ પોલીસ પકડથી દૂર?

હરખોલ દરોડામાં વિજયકુમાર ઉર્ફે સેન્ટો પરમાર ઝડપાઈ ગયો છે, પરંતુ મુખ્ય સૂત્રધાર ગણાતો રાજુ નવલસિંહ સોલંકી હજુ પણ પોલીસના હાથમાં આવ્યો નથી. ચર્ચાઈ રહ્યું છે કે રાજુ સોલંકી મોટા રાજકીય સંબંધોની આડમાં દારૂનો કાળો કારોબાર ચલાવે છે. તેની સામે અનેક ગુનાઓ નોંધાયેલા હોવા છતાં સ્થાનિક પોલીસ તેના પર કાર્યવાહી કરતા કેમ ખચકાય છે? શું વહીવટદારો અને પોલીસ ઇન્સ્પેક્ટરને તેનું સીધું પીઠબળ છે?

# આણંદ જિલ્લાના આરએસી તરીકે લલિતકુમાર પટેલે ચાર્જ સંભાળ્યો

**નડિયાદ** ડીઆરડીએના નિયામકની આણંદ ખાતે નિમણૂક કરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૦
આણંદ કલેક્ટર કચેરીમાં મહત્વના વહીવટી ફેરફાર હેઠળ નવા નિવાસી અધિક કલેક્ટર તરીકે શ્રી લલિતકુમાર પટેલે કાર્યભાર સંભાળી લીધો છે. વડોદરા ખાતે બદલી પામેલા શ્રી ઋતુરાજ દેસાઈના સ્થાને સરકાર દ્વારા તેમની નિમણૂક કરવામાં આવી છે.



આણંદ કલેક્ટર કચેરી ખાતેથી નિવાસી અધિક કલેક્ટર ઋતુરાજ દેસાઈની વડોદરા ખાતે બદલી કરવામાં આવી છે. તેમના સ્થાને નડિયાદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે કાર્યરત લલિતકુમાર પટેલને આણંદના નિવાસી અધિક કલેક્ટર તરીકેની જવાબદારી સોંપાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવનિયુક્ત અધિકારી લલિતકુમાર પટેલે ૧૦મી જૂન, બુધવારના રોજ વિધિવત રીતે પોતાનો હવાલો સંભાળી લીધો છે. તેઓ અગાઉ આણંદ જિલ્લામાં જ મામલતદાર (ગ્રામ્ય) તરીકે સેવા આપી ચૂક્યા છે, આ ઉપરાંત તેમણે ખંભાત ખાતે પ્રાંત અધિકારી અને નડિયાદમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે પણ મહત્વની ફરજો બજાવી છે. આણંદ જિલ્લાના વહીવટી તંત્રમાં તેમના બહોળા અનુભવનો લાભ મળશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ઓડમાં ૨૧ ગામ લેઉઆ પાટીદાર સમાજ દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અને ચોપડાનું વિતરણ

**આણંદ |** ઓડ શહેરમાં ૨૧ ગામ લેઉઆ પાટીદાર સમાજ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહન આપવા માટે નોટબુક અને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દાતાઓના આર્થિક સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં સિનિયર અને જુનિયર કે.જી.ના ભૂલકાઓને ખાસ શૈક્ષણિક કીટ પણ એનાયત કરાઈ હતી. આ પ્રસંગે ઓડ યુનિટના સભ્યો, ઉદારદાતાઓ અને સેવાભાવી યુવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને સામગ્રી અર્પણ કરવામાં આવી હતી. સમાજના બાળકો શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરે તેવા ઉમદા ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ સેવાકીય કાર્યક્રમનો અનેક વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.



### ઉમરેઠમાં બ્રહ્માકુમારીઝ દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી



**ઉમરેઠ |** ઉમરેઠમાં ૫મી જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે પર્યાવરણ સુરક્ષા અને જાગૃતિ ફેલાવવાના ઉમદા હેતુ સાથે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. બ્રહ્માકુમારી નિતાબેનના માર્ગદર્શન હેઠળ સંસ્થા દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણના જતન અને સુરક્ષા માટેની કાર્યવાહીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ પ્રસંગે નિતાબેને સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ અને પ્રકૃતિના રક્ષણ અંગે પ્રાસંગિક પ્રવચન આપી સૌને જાગૃત કર્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ગુરુદત્ત મઠ દ્વારા ૧૨ વર્ષની નવલકથાકાર હેત્વી સોમપુરાનું સન્માન કરાયું




**આણંદ |** રાજકોટના કુવાડવા સ્થિત ગુરુદત્ત મઠ ખાતે 'ધી હિડન વર્લ્ડ' અંગ્રેજી નવલકથાની ૧૨ વર્ષની લેખિકા હેત્વી સોમપુરાનું ગૌરવમય સન્માન કરવામાં આવ્યું હતું. મઠના પીઠાધીશ્વર યતિ બ્રહ્મદેવજી મહારાજ તથા મેનેજિંગ ટ્રસ્ટી સદગુરુ માતાજી બાલામ્બા દેવીજીના હસ્તે આ સન્માન એનાયત થયું હતું. અમદાવાદની કે. એન. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-૭માં અભ્યાસ કરતી હેત્વીની આ કૃતિ બ્રિબુક્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. આ નવલકથા સંઘર્ષ અને સાહસ દ્વારા નકારાત્મકતા પર વિજય મેળવવાનો પ્રેરણાદાયી સંદેશ પૂરો પાડે છે.

### આણંદના ચાવડાપુરા ચર્ચના ફાધર જગદીશ મેકવાનની બદલી થતાં ભાવભીની વિદાય અપાઈ

**આણંદ |** ચાવડાપુરા-જીટોડીયા ચર્ચમાં પાંચ વર્ષ સુધી સેવા આપનાર મુખ્ય સભા પુરોહિત ફાધર જગદીશ મેકવાનની ખેડા જિલ્લાના માતર ખાતે બદલી થતા ભવ્ય વિદાયમાન અપાયું હતું. ધર્મજનોએ સાલ ઓઢાડી અને સ્મૃતિ ભેટ આપી ફાધર પ્રત્યેની લાગણી વ્યક્ત કરી હતી, જ્યારે તેમની વિદાય વેળાએ ભાવુક હૃદયે પુષ્પવર્ષા પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ફાધર જગદીશ મેકવાને સૌનો આભાર માન્યો હતો અને નવા વરાયેલ ફાધર સીરીલ ડાયસનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં ધર્મજનો અને અન્ય ધર્મગુરુઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



### આણંદના સારસા ખાતે NCC કેડેટ્સ માટે ફાયર સેફ્ટી અને રેસ્ક્યુ ટ્રેનિંગ યોજાઈ



**આણંદ |** સારસાના પરમ ગુરુ પાઠશાળા સંકુલમાં ૧૩ બટાલિયન NCC અને કરમસદ-આણંદ ફાયર બ્રિગેડ દ્વારા સંયુક્ત રીતે ફાયર અવેરનેસ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ અંદાજે ૫૫૦ જેટલા NCC કેડેટ્સ અને કર્મચારીઓને આગ બુઝાવવાની પ્રાથમિક પદ્ધતિઓ અને સાધનો વિશે માહિતગાર કરાયા હતા. આ તાલીમ દરમિયાન અગ્નિશામક યંત્રોનો ઉપયોગ, રેસ્ક્યુ કરવાની રીતો અને બિલ્ડિંગમાં લગાવેલ ફિક્સ ફાયર સિસ્ટમની કાર્યપ્રણાલી અંગે વિગતવાર સમજૂતી આપવામાં આવી હતી.

### ગળતેશ્વરના વનોડાના માઈ ગોખ ખાતે પવિત્ર અધિક માસમાં ભવ્ય મહા નવચંડી યજ્ઞ યોજાયો

**સેવાલિયા |** સેવાલિયા નજીક વનોડા ગામે માઈ અંબે માતાજીના ગોખ ખાતે ભક્તરાજ મહેશકાકા અને હાર્દિકભાઈ પટેલ દ્વારા મહા નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્વાન બ્રાહ્મણોના પવિત્ર વૈદિક મંત્રોચ્ચાર, વિશેષ પૂજા અને માતાજીની આરતીના નાદથી સમગ્ર વનોડા ગામ અને વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ ધાર્મિક મહોત્સવમાં આસપાસના વિસ્તારો અને દૂર-દૂરથી આવેલા સેંકડો શ્રદ્ધાળુઓએ યજ્ઞના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ તમામ ભક્તોએ સમૂહમાં મહાપ્રસાદનો લાભ લીધો હતો, જેનાથી સમગ્ર વિસ્તારમાં પવિત્રતા અને ભક્તિનો આનંદ છવાયો હતો.



### મહીસાગરના મોટા ખાનપુર ગામમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરાયું

**ખાનપુર |** મહીસાગરના મોટા ખાનપુર ગામમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે હરિયાળી વધારવાના ઉદ્દેશ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ મંત્રી જાગૃતિબેન પંચાલ, બક્ષીપંચ મોરચાના મંત્રી મંગળદાસ દરજી અને સરપંચ કોકિલાબેન પંચાલ સહિતના અનેક પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના વિકાસ કાર્યોને યાદ કરી વિવિધ સ્થળોએ રોપા વાવી પર્યાવરણ જાળવણીનો મજબૂત સંદેશ આપવામાં આવ્યો હતો.



### આણંદની પીએમ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સના 6 વિદ્યાર્થીઓ યુનિ. ટોપ-10માં ઝળક્યા

**આણંદ |** શહેરની પી.એમ. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેક્નોલોજીના ૬ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના ટોપ-10માં સ્થાન મેળવીને ગૌરવ વધાર્યું છે. આ તેજસ્વી વિદ્યાર્થીઓની વિશિષ્ટ સિદ્ધિને પગલે કોલેજ પરિવાર અને શૈક્ષણિક જગતમાં હર્ષની લાગણી ફેલાઈ છે. કોલેજ મેનેજમેન્ટ અને સ્ટાફ દ્વારા તમામ સફળ વિદ્યાર્થીઓને તેમની મહેનત બદલ અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી છે. ૪. આ પરિણામ સંસ્થાની શૈક્ષણિક ઉત્કૃષ્ટતા અને વિદ્યાર્થીઓના સમર્પણનું પ્રતીક છે.



### બાકરોલની સ્પેકના બીબીએના ચાર વિદ્યાર્થીઓ યુનિ.ના ટોપ-10માં ઝળક્યાં



**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (SPEC)ની શિતલ પ્રજાપતિ 9.18 GPA સાથે યુનિવર્સિટીમાં દ્વિતીય અને કોલેજમાં પ્રથમ સ્થાને રહી છે. આ ઉપરાંત મ્રીનલ માનિક (7મો), લીઝાબાનું આસોપવાલા (8મો) અને બિનિતા પંચાલે (10મો) ક્રમ મેળવી યુનિવર્સિટીના ટોપ-10માં સ્થાન પ્રાપ્ત કર્યું છે. કોલેજના આ તેજસ્વી વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી સંસ્થા અને પરિવારનું નામ રોશન કર્યું છે.આ ભવ્ય સફળતા બદલ આચાર્ય ડો. સુયોગ ઉપાસની અને સમગ્ર સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### નડિયાદની સાત સ્વરૂપ હવેલીમાં બ્રહ્મસંબંધ અને નંદ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ

**નડિયાદ |** શહેરના વડવાકુવા સ્થિત હવેલીમાં અધિક માસ નિમિત્તે દેવકીનંદજી મહોદયના સાનિધ્યમાં બ્રહ્મસંબંધનો પવિત્ર કાર્યક્રમ યોજાયો હતો. વૈષ્ણવોને અષ્ટાક્ષર મહામંત્ર અને બ્રહ્મસંબંધનું મહાત્મય સમજાવી ઠાકોરજી સન્મુખ થવા પ્રેરણા આપી હતી. 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદ સાથે યોજાયેલ નંદ મહોત્સવથી સમગ્ર હવેલી પરિસરમાં અલૌકિક અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. મુખ્યાજી કૃષ્ણા ગોપાલના સહયોગથી યોજાયેલા આ ઉત્સવમાં મોટી સંખ્યામાં વૈષ્ણવોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.



### આણંદમાં કાળઝાળ ગરમીમાં રાહદારીઓને વિનામૂલ્યે ઠંડી છાસનું વિતરણ કરવામાં આવી




**આણંદ |** આણંદમાં કાળઝાળ ગરમી પડી રહી છે. આવા કપરા સમયમાં લોકો અને રાહદારીઓને ગરમીથી રાહત આપવા માટે આણંદ જિલ્લાના પ્રથમ કાર બજારના ચેતનભાઈ રાયકુંડલીયા દ્વારા જાહેર જનતા માટે વિનામૂલ્યે ઠંડી છાસ વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય ધોમધખતા તડકામાં માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ, શ્રમિકો અને વાહનચાલકોને ઠંડક અને તૃપ્તિ આપવાનો છે. આણંદ જિલ્લાના નાગરિકો આ સેવાનો બહોળા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે અને ચેતનભાઈ રાયકુંડલીયાના આ સત્કાર્યને બિરદાવી રહ્યા છે.